પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 11-11-2026 **Evening: 7.10 TO 7.20**

Day : Wednesday **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

****

1. કેન્દ્રીય મંત્રીમંડળે ખાતર સબસિડી , મુદ્રા અને સ્ટેન્ડઅપ યોજનાના વિસ્તરણને મંજૂરી આપી
2. 10મા 'સ્વચ્છ સર્વેક્ષણ 2025-26' પુરસ્કારો એનાયત-'સ્વચ્છ શહેર જોડી' પહેલ હેઠળ, અમદાવાદ અને સાણંદ પ્રથમ ક્રમે
3. છોટાઉદેપુરના પીપલેજ પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત થતાં ત્રણ લોકોના મોત
4. રાજયભરમાં આજે ભાઇ-બીજની પરંપરાગત રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવણી
5. જામનગરના મહિલા ક્રિકેટર નેહા ચાવડાની વેસ્ટ ઝોન મહિલા ક્રિકેટ ટીમમાં પસંદગી

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

CABINET - DECISIONS

કેન્દ્રીય મંત્રીમંડળે રવિ સીઝન , 2026-27 માટે ફોસ્ફેટિક અને પોટાશ ખાતરો પર પોષક તત્વો આધારિત સબસિડી દરોને મંજૂરી આપી છે. રવિ 2026-27 માટે અંદાજિત બજેટ આશરે 62 હજાર 370 કરોડ રૂપિયા હશે. કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક બાદ આજે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા , માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ સબસિડી ખેડૂતોને પોષણક્ષમ ભાવે ખાતરોની સરળ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરશે.

આ ઉપરાંત આજે કેન્દ્રીય મંત્રીમંડળે પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ સૂક્ષ્મ એકમો માટે ક્રેડિટ ગેરંટી ફંડ અને સ્ટેન્ડ-અપ ઇન્ડિયા યોજનાને 31 માર્ચ 2031 સુધી પાંચ વર્ષના સમયગાળા માટે ચાલુ રાખવાની પણ મંજૂરી આપી.

(BYTE: ASHWINI VAISHNAV, UNION MINISTER)

"हमारे अन्नदाताओं के लिए रबी सीजन में फर्टिलाइजर सब्सिडी 62370 करोड़ रुपये की मंजूर की है। हमारे जो मुद्रा योजना यानी जो नौजवान बनना चाहते हैं आंत्रप्रेन्योर उनके लिए 5000 करोड़ का क्रेडिट गारंटी फंड और स्टैंडअप इंडिया इसके माध्यम से जो एससी एसटी और विमेन आंत्रप्रेन्योर्स बनना चाहते हैं उनके लिए 4111 करोड़ रुपये का क्रेडिट गारंटी फंड।"

એપ્રિલ 2016માં સ્ટેન્ડ-અપ ઇન્ડિયા યોજનાની શરૂઆત થઈ ત્યારથી , આ યોજનાએ બે લાખ 75 હજારથી વધુ મહિલા , SC અને ST ઉદ્યોગસાહસિકોને લોનની સુવિધા આપી છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે આ યોજના મહિલાઓ , SC અને ST ઉદ્યોગસાહસિકોને દસ લાખથી એક કરોડ રૂપિયા સુધીની લોનની ગેરંટી આપે છે. તેમણે કહ્યું કે, આ યોજનાનો સમયગાળો વર્ષો સુધી રહેશે અને ક્રેડિટ ગેરંટી માટે ચાર હજાર 111 કરોડ રૂપિયાનો કોર્પસ હશે.

REV. EVE. PREZ-SURVEKSHAN AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં 10મા 'સ્વચ્છ સર્વેક્ષણ 2025-26 ' પુરસ્કારો એનાયત કર્યા , જેમાં શહેરોને તેમના સ્વચ્છતાના પ્રયાસો માટે સન્માનિત કરવામાં આવ્યા. 'સ્વચ્છ શહેર જોડી ' પહેલ હેઠળ, અમદાવાદને 'મેન્ટર સિટી' તરીકે પ્રથમ ક્રમ આપવામાં આવ્યો, અને સાણંદને તેના 'મેન્ટી સિટી' તરીકે પસંદ કરવામાં આવ્યું. તો, 'સ્વચ્છ શહેર લીગ ' હેઠળ શહેરી સ્વચ્છતામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે સુરતે બીજું સ્થાન મેળવ્યું છે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે સ્વચ્છતાનું લક્ષ્ય ફક્ત કોઈ એક સંસ્થાના પ્રયાસોથી પ્રાપ્ત કરી શકાતું નથી અને તેમાં દરેક નાગરિક , દરેક ઘર, દરેક સમુદાય અને દરેક શહેરની ભાગીદારી આવશ્યક છે. તેમણે ઉમેર્યું કે , સ્વચ્છતા એ ફક્ત જાહેર સ્થળોના દેખાવને જાળવવાની બાબત નથી પરંતુ તે નાગરિકોના સ્વાસ્થ્ય, સામાજિક સંવેદનશીલતા અને વહીવટી જવાબદારીને પ્રતિબિંબિત કરે છે.

(BYTE: DRAUPADI MURMU, PRESIDENT)

यह अत्यंत महत्वपूर्ण प्रयास है क्योंकि किसी एक संस्था के अकेले के प्रयास से स्वच्छता के लक्ष्यों को प्राप्त नहीं किया जा सकता। इसके लिए इस नागरिक, हर घर, हर समुदाय और हर शहर की सहभागिता आवश्यकता है। स्वच्छता केवल सार्वजनिक स्थानों की सुंदर स्थिति का प्रश्न नहीं है, यह हमारे स्वास्थ्य, सामाजिक संवेदनशीलता और प्रशासनिक उत्तरदायित्व का भी परिचायक है।

CHHOTAUDEPUR ACCIDENT

છોટાઉદેપુરના પીપલેજ પાટિયા પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત થતાં ત્રણ લોકોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, અકસ્માતમાં કાર ચાલક સહિત બાઈક પર સવાર બે વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે. મૃતકો વજેપુર , ભૂમસવાડા અને રાયછા ગામના રહેવાસી હોવાની પ્રાથમિક માહિતી છે. અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

BHAI BIJ

રાજયભરમાં આજે ભાઇ-બીજની પરંપરાગત રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઇ રહી છે.

ભાઇબહેનના પ્રેમ અને પવિત્ર બંધનના પ્રતીક સમા ભાઇબીજને યમદ્વીતીયા પણ કહેવાય છે.

પૌરાણિક કથા અનુસાર યમરાજ બહેન યમુનાને મળવા આવ્યા ત્યારથી ભાઇબીજની ઉજવણીની શરૂઆત થઇ. આ દિવસે બહેન ભાઇને તિલક કરી નાળીયેર આપે છે અને ભાઇના લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્યની કામના કરે છે.

DAMAN CHHATH PUJA

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં આગામી 15 અને 16 નવેમ્બરના રોજ યોજાનારી છઠ પૂજાને ધ્યાનમાં રાખીને જિલ્લા પ્રશાસને શ્રદ્ધાળુઓને નિર્ધારિત સ્થળોએ જ છઠ પૂજા કરવા અનુરોધ કર્યો છે.

દમણના દલવાડા તળાવની વધુ ઊંડાઈ અને ઢોળાવવાળા કિનારાઓને કારણે અકસ્માતની શક્યતા હોવાથી સામાન્ય જનતાના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.અને પૂજા માટે અન્ય સ્થળ જેવાકે નાની દમણના પારકોટા શેરી બીચ , કડૈયા માછીવાડ અને ડાભેલ ગામ તળાવ એમ ત્રણ સ્થળો નિર્ધારિત કરવામાં આવ્યા છે.

CHHATTH SPECIAL TRAIN

પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન દ્વારા દિવાળી અને છઠ પૂજાને પગલે વિશેષ ટ્રેનોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. જનસંપર્ક અધિકારી ખેમરાજ મીણાએ જણાવ્યું હતું કે, તહેવારોની ભીડને નિયંત્રિત કરવા અને મુસાફરોની સુવિધા સુનિશ્ચિત કરવા માટે 40 થી વધુ ખાસ ટ્રેનો ચલાવી છે અને વધારાની સેવાઓ શરૂ કરી છે.

(BYTE: KHEMRAJ MEENA, PRO)

"आरपीएफ, जीआरपीएफ और जो दूसरे सिविल डिफेंस के जो टीम हैं, उनके साथ में हमने क्यू मैनेजमेंट के साथ में सभी यात्रियों को जो कि छठ पूजा के लिए जा रहे हैं, उनको व्यवस्थित ढंग से बिठाया है और कई व्यवस्थाएं हम लोगों ने वहां पे की। इसके अलावा सीसीटीवी कैमरे की बात की जाए तो वो भी हम लोगों ने सभी जगह प्रोवाइड कराया है, क्योंकि सुरक्षा बहुत जरूरी है। हम लोगों ने सभी स्टेशनों पर जो फ्रंट लाइन स्टाफ है उसको तैनात किया गया है ताकि सभी यात्रियों को किसी तरह की असुविधा न हो।"

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

VERAVAL AAG

વેરાવળના ગોકુલનગરમાં આવેલા બે ભંગારનાં ગોડાઉનમાં આગ લાગવાની ઘટના બની હતી. ઈલેક્ટ્રિક વેસ્ટ અને પ્લાસ્ટિકનો માલસામાન પડેલો હોવાના કારણે આગ વધુ પ્રસરી હતી.

જોકે ગીર સોમનાથ ફાયર વિભાગે સતર્કતા દાખવી પાણીનો મારો ચલાવી 10થી 11 કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી.

JMR WOMENS CRICKET SELECTION

જામનગરના મહિલા ક્રિકેટર નેહા ચાવડાની વેસ્ટ ઝોન મહિલા ક્રિકેટ ટીમમાં પસંદગી કરાઇ છે.

તેમણે ચાલુ સિઝનમાં સૌરાષ્ટ્રની સિનિયર મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે જવાબદારી સંભાળીને નોંધપાત્ર પ્રદર્શન કર્યું હતું. તેઓ હવે ભારતીય મહિલા ક્રિકેટના સ્ટાર ખેલાડી સ્મૃતિ માંધાનાની આગેવાની હેઠળ વેસ્ટ ઝોનની ટીમનું પ્રતિનિધિત્વ કરશે. આગામી 21 નવેમ્બરથી તેઓ ટીમ સાથે જોડાશે.

SABARKANTHA RUSHIVAN

સાબરકાંઠામાં આવેલ તિરુપતિ ઋષિવન (દેરોલ) નેચર પાર્કમાં દિવાળીની રાજાઓને લીધે પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો , આ પ્રવાસન સ્થળની એક જ દિવસમાં 11 હજારથી વધુ સહેલાણીઓએ મુલાકત લીધી હતી. 300 એકરમાં ફેલાયેલુ આ ઋષિવનમાં અનેક વૃક્ષો-છોડ , વિવિધ રાઇડ્સ, વોટરપાર્ક, જંગલ સફારી અને બોટિંગ જેવી સુવિધાઓનો પ્રવાસીઓએ લાભ લીધો.

DANG - THAKARIA DANCE

ડાંગના આદિવાસી વિસ્તારોમાં દિવાળીના પર્વ દરમિયાન પ્રાચીન પરંપરા મુજબ ઠાકરિયા નૃત્યની રમઝટ જોવા મળે છે. પગમાં બાંધેલા ઘૂઘરા અને તાલબદ્ધ હિલચાલ સાથે નર્તકો પોતાની આગવી કલા રજૂ કરે છે. દિવાળી રજામાં લોકો ગામે ગામ પરંપરાગત નૃત્ય કરી આનંદ અને ઉલ્લાસ માણતા હોય છે.આ નૃત્યની શરૂઆત દેવ-દેવીઓ અને ધરતીમાતાની આરાધનાથી થાય છે. નૃત્ય દરમિયાન લોકગીતો , પૌરાણિક કથાઓ , રામાયણ અને મહાભારતના પ્રસંગો તેમજ સવાલ-જવાબની પરંપરા દ્વારા લોકસંસ્કૃતિ જીવંત કરે છે. ડાંગ જિલ્લાના સ્થાનિક રહેવાસી અને ઠાકરિયા નૃત્યના જાણકાર રાજૂ ગાવીતે વધુ માહિતી આપી છે.

(BYTE: RAJU GAVIT)

જે ઠાકરે નૃત્યનું સાંસ્કૃતિક પર્વ ચાલી આવેલ છે અને એ આદિકાળથી એ પરંપરાને જાળવી રાખવા માટે ગામ લોકો દરેક ગામોમાં દિવાળીના પર્વમાં આ નૃત્યનું એક સામૂહિક પરંપરા આગળથી ચાલી આવેલ છે અને એ નૃત્યનું શરૂઆત માટે જે યુવાનો છે એ એકદમ ઉત્સાહથી પગમાં ઘૂઘરું બાંધીને એ નૃત્યની શરૂઆત કરે છે.

VISHWASHANTI MAHAYAGNA

મહેસાણાના વડનગરમાં આજથી 20 મી નવેમ્બર સુધી વિશ્વશાંતિ મહાયજ્ઞ 'નો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. વડનગરના અત્યંત પ્રાચીન હાટકેશ્વર મહાદેવ મંદિરના પરિસરમાં યોજાઈ રહેલા આ દિવ્ય અનુષ્ઠાનને પગલે સમગ્ર વિસ્તારમાં ભક્તિ અને પવિત્રતાનો માહોલ છવાયો છે. આ આધ્યાત્મિક મહોત્સવ અંતર્ગત દરરોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને અનુષ્ઠાનો યોજાશે.